Re-Accredited Grade A by NAAC

**SAURASHTRA UNIVERSITY, UNIVERSITY CAMPUS,**

**UNIVERSITY ROAD, RAJKOT - 360 005**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ

યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫

Ph-0281-2578501 www.saurashtrauniversity.edu Fax :-2586983

ફાઈનાન્સ સમિતીની એક સભા તા.૨૩–૧૨–૨૦૧૭ ને શનિવાર ના રોજ ૦૪:૦૦ કલાકે સૌરાષ્ટ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કાર્યાલય, રાજકોટ ખાતે મળેલ હતી, જેમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલા હતા.

## કાર્યવાહી નોંધ

| ક્રમ | નામ | હોદો | હાજર / ગેરહાજર |
|---|---|---|---|
| (૧) | ડો.પી.એલ.ચૌહાણ | કુલપતિશ્રી | હાજર |
| (૨) | શ્રી નેહલભાઈ શુકલ | સભ્યશ્રી | હાજર |
| (૩) | ડો.ભાવિનભાઈ કોઠારી | સભ્યશ્રી | ગેરહાજર |
| (૪) | ડો.વિજયભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૫) | ડો.ધરમભાઈ કાંબલીયા | સભ્યશ્રી | હાજર |
| (૬) | ડો.જી.સી.ભીમાણી | સભ્યશ્રી | હાજર |

૧. તા.૧૪–૧૦–૨૦૧૭ ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.
(નોંધ: તા. તા.૧૪–૧૦–૨૦૧૭ ની ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૪–૧૦–૨૦૧૭ ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ મંજુર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨. બાયોસાયન્સ ભવન માં UGC-CAS અને DST-SERB- ECR પ્રોજેકટ અંતર્ગત સાયંટિફિક સાધનોની (n) procure ખરીદીની મંજૂરી લઈ કાર્યવાહી કરેલ છે. જે તે સાધન ની ખરીદી માટે ક્વોલિફાઇડ થતી પાર્ટી, ભાવ અને બજેટ હેડ ની વિગત નીચે મુજબ છે.

| No. | Name of the Instrument and Budget Head | Name of the Party applied | Whether the Party technically qualified | Name of the L1 Party after financial bid opening | Price after Negotiation |
|---|---|---|---|---|---|
| 1. | Microbial species Identification System (UGC-CAS) | Toshniwal Technologies Pvt. Ltd. (Biolog Inc.) | YES | Toshniwal Technologies Pvt. Ltd. (Biolog Inc.) | 15000 USD @ 65.3 (including custom duty and transportation charges) (9, 79, 500/- Approx.) + Bank Charges |
| 2. | Real double beam UV Visible Spectrophotometer (UGC-CAS) | AJ Instruments Pvt. Ltd. (Germany) | YES | AJ Instruments Pvt. Ltd. (Germany) | 6236 Euro @ 76.826 (including custom duty and transportation charges) + Additional pair of quartz cuvette added after negotiation (4,79,090.68/- approx.) + Bank Charges |
| | | Toshvin Analytical Pvt. Ltd. | NO | | |
| | | Aditya Enterprise | NO | | |
| 3. | Biological Safety Cabinet (DST-SERB) | Aditya Enterprise | NO | ESCO Biotech Pvt. Ltd. | 7100 USD @ 65.2899 (including custom duty and transportation charges). (4,63,630/- Approx.) + Bank Charges |
| | | Esco Biotech Pvt. Ltd. | YES | | |
| | | Biolinx Labsystems Pvt. Ltd. | NO | | |
| 4. | Table Top Micro Refrigerated Centrifuge (DST-SERB) | Aditya Enterprise | NO | BiolinxLabsystems Pvt. Ltd.(Thermo Electron LED, Germany) | 3875 USD @ 65.2899 (including custom duty and transportation charges) (2,52,998.36/- Approx.) + Bank Charges + Additional three different types of adaptors for the rotor are included as free of cost after negotiation. |
| | | Inkarp Instrument Pvt. Ltd. | YES | | |
| | | Biolinx Labsystems Pvt. Ltd. | YES | | |
| | | Atmiya Scientific Traders | YES | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5. | Real double beam UV Visible Spectrophotometer (DST-SERB) | AJ Instruments India Pvt. Ltd. (Germany) | YES | AJ Instruments India Pvt. Ltd. (Germany) | 8190 Euro @ 76.826 (including custom duty and transportation charges). (6,29,204.94/- Approx.) + Bank Charges |
| | | Toshvin Analytical Pvt. Ltd. | NO | | |
| | | Aditya Enterprice | NO | | |

ગુજરાત રાજ્ય ખરીદી નીતિ નિયમ મુજબ પ્રાયોગિક સાધનોની ખરીદી ભારતીય ઉત્પાદકો પાસેથી કરવાની હોય પરંતુ ઉપરોક્ત બંને પ્રોજેક્ટ સેંટ્રલ ફંડિંગ એજન્શી (UGC – CAS તથા DST – SERB) ના હોય abroad manufacturer પાસેથી ખરીદી કરવા મજૂરી આપવા નમ્ર વિનંતી.

આ ઉપરાંત UGC – CAS તથા DST – SERB રિસર્ચ પ્રોજેક્ટ મા જે instrument ખરીદ કરવાના છે તેના ભારતીય ઉત્પાદકો છે પરંતુ પ્રાયોગિક જરૂરિયાત મુજબ ના સાધન ઉપલબ્ધ નથી આથી ઉપરોક્ત પ્રાયોગિક સાધનો abroad manufacturer પાસેથી ખરીદી કરવા મજૂરી આપવા નમ્ર વિનંતી.

ઉપરોક્ત L1 પાર્ટી ને advance payment TT transefer થી કરવા, Invoice process વખતે Doller/Euro ના જે ભાવ હશે તે મુજબ payment કરવા તથા Doller/Euro માં fluctuation ને લીધે અથવા બેંક ચાર્જીસ ઉમેરાતા જો instrument નો ભાવ senction બજેટ કરતા વધી જશે તો વધારા ની રકમ ભવનના Equipment Budget હેઠળ પાડવા મંજૂરી આપવા નમ્ર વિનંતી. ઉપરોક્ત બાબત આગામી માસમાં મળનાર ફાઇનાન્સની સભામાં મંજુર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીની ખરીદનીતિ ૨૦૧૬ અન્વયે **Make in India** ઉત્પાદક ન હોય તો તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું થતું હોય તે અનુસાર કાર્યવાહી કરવા ભવનને પૂનઃવિચારણા અર્થે જણાવવું અને અહેવાલ સાથે આગામી ફાઈનાન્સ સમિતીમાં રજુ કરવું.

૩. બાયો સાયન્સ ભવનની CAS ની Advisory Committee ની મીટિંગની minutes ના સંદર્ભે જણાવવાનું કે ભવનમાં CAS પ્રોગ્રામ અંતર્ગત પ્રવર્તમાન બધા જ અધ્યાપકો માટે AI0 PC ની પ્રક્રિયા શરૂ થયેલ છે. માનનીય શ્રી કુલપતિ શ્રી ની મંજુરી ( બિડાણ-1 ) ના સંદર્ભે CAS ના 11 અધ્યાપકો માટે 11 AI0 PC ની ખરીદી કમ્પ્યુટર સેન્ટરના સહયોગ થી GEM online Portal મારફત શરૂ કરેલ છે. 11 AIO PC ની તેના મંજુર કરેલા સ્પષ્ટિકરણ સાથે Online Bid GEM online Portal પર તા. 03/10/2017 ના રોજ શરૂ અરેલ છે. GEM Bid ની વિગતો નીચે મુજબ છે.

બીડ ક્રમાંક :- GEM/2017/B/15244 ; બીડ દાખલ કરનાર સંસ્થા :- સૌરાસ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ D/O ઉચ્ચ શિક્ષણ; બીડ દાખલ કર્યાની તારીખ:- 03/10/2017; બીડ આરંભ ની તારીખ અને સમય :- 03/10/2017, 12:25; બીડ ની અંતિમ તારીખ અને સમય :- 12/10/2017, 18:00; Product ની સંખ્યા :- 11; Product નો પ્રકાર :- All in one. વધુ વિગત બિડાણ -2 માં સામેલ છે.

વધુમાં જણાવવાનું કે 17 બીડ ની છટણી કરતાં 4 બીડ સુચીત સ્પષ્ટિકરણ સાથે યોગ્ય ઠરાવવામાં આવી હતી જેમાં ઉપરોક્ત દર્શાવેલ બીડ સામેલ છે. જે આ પ્રકારે પ્રથમ તકનીકી બીડ છે. આ બીડ તા. 24/10/2017 સમય 12:44:01 એ ખોલવામાં આવી હતી. ઉપરોક્ત ચારેય બીડની નાણાંકીય બીડ ત્યાર પછી ખોલવામાં આવી હતી. GEM online Portal દ્વારા L-1 ને દર્શિત કરેલ છે ( Enclosure-1 ). GEM online Portal પ્રમાણે L-1 એ Inmac Computers ( P ) Ltd. છે. AIO કમ્પ્યુટર (Acer brand, model Acer Veriton M4640g All in one ) ની કિમત 41,900/- છે જેનો કુલ ખર્ચ 4,60,900/- થવા પાત્ર છે.

આ ઉપરાંત જણાવવાનું કે ઉપરોક્ત PC નો ખર્ચ મંજૂરીમાં જણાવ્યા પ્રમાણે (બિડાણ-1), CAS બજેટ (રૂ. 400000/-) તથા ભવનના equipment બજેટ ની PC ની ખરીદી માટેની મંજૂરી રકમ રૂ. 2,00,000/- માં પાડવામાં આવશે. AIO PC ના 9 નંગ નો ખર્ચ પ્રતિનંગ રૂ. 41,900/- ના ભાવ પ્રમાણે CAS ના non-recurring બજેટમાં પાડવામાં આવશે જ્યારે AIO PC ના શેષ 2 નંગ નો ખર્ચ પ્રતિનંગ ભાવ રૂ. 41,900/- પ્રમાણે ભવનના equipment બજેટ માંથી મંજુર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાયો સાયન્સ ભવન માટે **All in one** કોમ્પ્યુટર ખરીદવા તે માટેની **L1** પાર્ટી **Inmac Computer (p) Ltd.** ના ભાવ રૂા.૪૧૯૦૦/– ( **Per System** ) મંજુર કરવા અને તે અંગેનો કુલ ખર્ચ રૂા.૪૬૦૯૦૦/– **CAS** ના **Non Recurring** ના બજેટમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.

૪. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ નેનોસાયન્સ એન્ડ એડવાન્સડ મટીરીયલ્સ માટે વિવિધ Major Equipment ખરીદવા માટે રૂપિયા ૨ કરોડની ગ્રાન્ટ મંજુર કરેલ છે. જે અંતર્ગત High Temperature Furnace ખરીદવા N-procure મારફત ટેન્ડર પ્રક્રિયા કરેલ. ટેન્ડર પ્રક્રિયા ના પ્રાઈસ બીડના રોજકામ મુજબ M/s. Verder Scientific Pvt. Ltd., Hyderabad. (Carbolite Gero Furnace Ltd. U.K.) L1 આવેલ જેનો ભાવ ભારતીય ચલણ મુજબ રૂપિયા ૧૧,૨૫,૦૦૦/– થવા જાય છે. જેમાં કસ્ટમ ડયુટી + કલીયરન્સ + ઈન્સ્યોરન્સ ખર્ચ રૂપિયા ૧,૬૦,૦૦૦/– (Taxes Extra if applicable). આમ કુલ મળીને રૂપિયા ૧૨,૮૫,૦૦૦/– નો ખર્ચ થવા જાય છે.

તેમજ M/s. Salvin Instruments Pvt. Ltd., Bangalore GF High Temperature Furnace ભાવ રૂપિયા ૧૨,૯૦,૦૦૦/– + Taxes Extra if applicable છે. તેઓ ટેન્ડર કમીટી મુજબ L2 રહેલ છે. જેઓ ભારતીય ઉત્પાદક છે.

ઉપરોકત તા.૦૮/૧૧/૨૦૧૭ ના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પુનઃસાદર રજુ પરના આદેશ મુજબની વિગતે M/s. Salvin Instruments Pvt. Ltd., Bangalore પાસેથી High Temperature Furnace ખરીદ કરવાની હોય તે માટે રૂપિયા ૧૨,૯૦,૦૦૦/– + Taxes Extra if applicable ના ખર્ચની ફાઈનાન્સ કમીટીમાં મંજુર કરવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે નેનો સાયન્સ ભવન માટે High Temperature Furnace ખરીદવા ભારતીય ઉત્પાદક M/s. Salvin Instruments Pvt. Ltd. સાથે નગોશિએશન કરવું અને તેમની પાસેથી L1 ભાવે ખરીદ કરવી અને તે અંગેનો ખર્ચ નનો સાયન્સ ભવનને રાજય સરકારશ્રી દવારાં ફાળવેલ રૂા.૨ કરોડની ગ્રાન્ટમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ નેનોસાયન્સ એન્ડ એડવાન્સડ મટીરીયલ્સ માટે વિવિધ Major Equipment ખરીદવા માટે રૂપિયા ૨ કરોડની ગ્રાન્ટ મંજુર કરેલ છે. જે અંતર્ગત Surface Profile Measuring System ખરીદવા N-procure મારફત ટેન્ડર પ્રક્રિયા કરેલ. ટેન્ડર પ્રક્રિયા ના પ્રાઈસ બીડના રોજકામ મુજબ M/s. Parees Tech Instruments Private Limited, Thane. (AEP Technology USA) L1 આવેલ જેનો ભાવ ભારતીય ચલણ મુજબ રૂપિયા ૨૧,૧૫,૦૦૦/– થવા જાય છે. જેમાં કસ્ટમ ડયુટી + કલીયરન્સ + ઈન્સ્યોરન્સ ખર્ચ રૂપિયા ૩,૧૫,૦૦૦/– આમ કુલ મળીને રૂપિયા ૨૪,૩૦,૦૦૦/– નો ખર્ચ થવા જાય છે.

તેમજ M/s. Forevision Instruments Pvt.Ltd.,Hyderabad. એ ટેન્ડર પ્રક્રિયા ના પ્રાઈસ બીડના રોજકામ મુજબ L2 આવેલ છે. જેનો ભાવ ભારતીય ચલણ મુજબ રૂપિયા ૨૩,૧૮,૦૪૦/– થવા જાય છે. જેમાં કસ્ટમ ડયુટી + કલીયરન્સ + ઈન્સ્યોરન્સ ખર્ચ રૂપિયા ૩,૧૫,૦૦૦/– આમ કુલ મળીને રૂપિયા ૨૬,૩૩,૦૪૦/– નો ખર્ચ થવા જાય છે.

ઉપરોકત બાબતે આ અગાઉ તા. ૧૯/૦૬/૨૦૧૭ ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતીના આઈટમ નં. ૬ ના ઠરાવ મુજબ Surface Profile Measuring System ની ટેન્ડર પ્રક્રિયામાં કોઈ ભારતીય ઉત્પાદકે ટેન્ડર ભરેલ નથી એવુ ટેકનીકલ કમીટીનું પ્રમાણપત્ર મેળવવું. આ બાબતે સચિવશ્રીના આદેશ મુજબ પ્રમાણપત્ર આપી શકાશે નહી.

આમ બન્ને પાર્ટીઓ Surface Profile Measuring System સાધન વિદેશથી આયાત કરતી હોવાથી તેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પુનઃસાદર રજુ પરના આદેશ મુજબ F.C. માં મુકવાની મંજુરી મળેલ. આ બાબતે Surface Profile Measuring System સાધનની ખરીદી કરવા વિચારણા કરવા બાબત.

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ટેકનીકલ કમિટી પાસેથી ભારતીય ઉત્પાદક હોવાનું પ્રમાણપત્ર મેળવવું અને તેનાં આધારે ફરીથી વિચારણા અર્થે ફાઈનાન્સ સમિતીમાં મુકવું.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સાધન માટે GEM Portal પણ તપાસ કરવી.**

૬. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રહેલ જુની લખાયેલ ઉત્તરવહી તથા જુદા જુદા વિભાગ/ભવનમાં રહેલ જુનું ઓફિસ રેકર્ડ વગેરે ઉપાડવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નિયત નમુનાના પત્રકમાં nProcure ધ્વારા Online Tender મંગાવવામાં આવેલ છે.જેની ટેકનીકલ બીડ અંતિમ તા.૨૮/૦૯/૨૦૧૭ હતી. જેમા કુલ–૦૨ પાર્ટીઓએ ટેકનીકલ બીડના કવર મોકલેલ છે. તે પાર્ટીઓના નામ નીચે મુજબ છે.

(૧) ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સ,રાજકોટ (૨) સ્ટાર વેસ્ટ પેપર માર્ટ, રાજકોટ

ફાયનાન્સ કમિટીના મેમ્બરશ્રીઓની તથા ત્રણ સક્ષમ અધિકારીશ્રીઓની હાજરીમાં ટેકનીકલ બીડ તા.૦૫/૧૦/૨૦૧૭ ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામા આવેલ હતા. ઉપરોકત દર્શાવેલ બે પાર્ટીઓના ફાયનાન્સીયલ બીડ ખોલવા માટે જનરલ સ્ટોર્સ વિભાગની તા.૨૮/૦૯/૨૦૧૭ની નોંધમાં આદેશ આપવામાં આવેલ હતો.

(૧) ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સ,રાજકોટ (૨) સ્ટાર વેસ્ટ પેપર માર્ટ, રાજકોટ

ઉપરોકત દર્શાવેલ પાર્ટીઓના ફાઈનાન્સીયલ બીડ ફાયનાન્સ કમિટીના મેમ્બરશ્રીઓની તથા ત્રણ સક્ષમ અધિકારીશ્રીઓની હાજરીમાં તા.૦૯/૧૦/૨૦૧૭ ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવેલ હતા તથા ભાવો ખોલ્યા બાદના ભાવોનું કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ નીચે મુજબ છે.

| ક્રમ નં. | વિગત | યુનિટ | ગુજરાત વેસ્ટેજ સપ્લાયર્સ | સ્ટાર વેસ્ટ માર્ટ પેપર |
|---|---|---|---|---|
| ૧ | જુની લખાયેલ ઉત્તરવહી | ૧ કિલો | ૧૧.૭૭/– | ૧૪.૪૧/– |
| ૨ | જુનું ઓફિસ રેકર્ડ | ૧ કિલો | ૦૯.૭૭/– | ૧૨.૨૧/– |

ઉપર્યુક્ત વિગતે સ્ટાર વેસ્ટ પેપર,પાર્ટીના ભાવ જુની લખાયેલ ઉત્તરવહીમાં તથા જુનું ઓફિસ રેકર્ડમાં ભાવ હાઈએસ્ટ હોય તેની સાથે એક વર્ષનો રેઈટ કોન્ટ્રાકટ કરવા ફાયનાન્સ સમિતિમાં મંજુર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જુની લખાયેલ ઉતરવહી તથા જુનું ઓફિસ રેકર્ડ માટે ઉપરોક્ત વિગતે **H1** ભાવ સ્ટાર વેસ્ટ માર્ટ પેપરના ભાવો મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.

૭. યુનિવર્સીટીના જુદા – જુદા ભવનો તથા વિભાગોની માંગણી ના અનુસંધાને અલગ – અલગ સાઈઝના ઓફીસ ટેબલ તથા કોમ્પુટર ટેબલ ખરીદવા ઓનલાઈન ઈ-ટેન્ડર પ્રકિયા દવારા ભાવ મંગાવેલ હતા. આ ભાવો જનરલ સ્ટોર્સ વિભાગ દવારા કરવામાં આવેલ ઓનલાઈન ઈ – ટેન્ડર પાર્ટીના ભાવનુ તા. ૦૬/03/૨૦૧૭ના રોજ ફાઈનાન્સીયલ બીડ ખોલવામાં આવેલ હતા .

જનરલ સ્ટોર્સ વિભાગની તા.૧૬-૩-૨૦૧૭ ની મંજુરી મુજબની માંગણી અનુસંધાને અલગ – અલગ સાઈઝના ઓફીસ ટેબલ માટે તા.૧૯-૬-૨૦૧૭ ની ફાયનાન્સ કમીટીમાં નીચેની વિગતે L1 ભાવો મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ | આઈટમ ની વિગત , સાઈઝ | | ભાવ રૂા. |
|---|---|---|---|
| ૧ | ઓફિસ ટેબલ | સાઈઝ :– ૬ × ૩ × ૨.૫ | રૂા.૧૩૯૯૦/– |
| ૨ | ઓફિસ ટેબલ | સાઈઝ :– ૫ ×૩ × ૨.૫ | રૂા.૧૩૨૯૦/– |
| ૩ | ઓફિસ ટેબલ | સાઈઝ :– ૪.૫ × ૨.૫ | રૂા.૧૨૫૯૦/– |
| ૪ | કોમ્પ્યુટર ટેબલ | સાઈઝ :– ૪ × ૨.૧૮ | રૂા.૩૩૪૦/– |
| ૫ | કોમ્પ્યુટર ટેબલ | સાઈઝ :– ૩ × ૨.૧૮ | રૂા.૨૭૯૦/– |

ઉપરોકત ભાવોમાં ક્રમ નં.–૨ તથા ૩ માં અંબીકા ઈન્ડસ્ટ્રીઝના ભાવ નીચેની વિગતે L1 હોય શરતચુકથી વિભાગ દવારા ભાવના સ્ટીલના ભાવો ફાઈનાન્સ સમિતીમાં મંજુર કરાવવામાં આવેલ છે.પરંતુ ખરેખર અંબિકા ઈન્ડસ્ટ્રીઝના ભાવો L1 હોય તેનાં ભાવ નીચેની વિગતે મંજુર કરવા વિચારણા કરવા બાબત.

| ક્રમ | આઈટમ | સાઈઝ | પાર્ટીનું નામ | ભાવ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ઓફીસ ટેબલ | ૫ x ૩x ૨.૫ | અંબિકા ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદ | રૂા.૧૨,૧૮૮/- |
| ૨ | ઓફીસ ટેબલ | ૪.૫ x ૨.૫ | અંબિકા ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદ | રૂા.૯,૩૭૫ |

ભવન ની માંગણી અનુસંધાને ટેબલો ના ઓર્ડર લીસ્ટ નીચે મુજબ છે.

| ક્રમ | ભવન | નંગદીઠ રૂ. | નંગ | કુલ રકમ રૂ . | બજેટ હેડ |
|---|---|---|---|---|---|
| ૧. | ગુજરાતી ભવન | રૂ.૧૨,૧૮૮ | ૦૨ | રૂ ૨૪,૩૭૬ | રીનોવેશન એન્ડ અપગ્રેશન બજેટ ખાતે |
| ૨. | નેનોસાયન્સ ભવન | રૂ.૧૨,૧૮૮ | ૦૩ | રૂ. ૩૬,૫૬૪ | રીનોવેશન એન્ડ અપગ્રેશન બજેટ ખાતે |
| ૩. | સમાજશાસ્ત્ર ભવન | રૂ.૧૨,૧૮૮- | ૦૧ | રૂ. ૧૨,૧૮૮ | રીનોવેશન એન્ડ અપગ્રેશન બજેટ ખાતે |
| ૪. | ઈતિહાસ ભવન | રૂ. ૧૨,૧૮૮ | ૦૨ | રૂ. ૨૪,૩૭૬ | રીનોવેશન એન્ડ અપગ્રેશન બજેટ ખાતે |
| ૫. | આકડાશાસ્ત્ર ભવન | રૂ. ૧૨,૧૮૮ | ૦૧ | રૂ. ૧૨,૧૮૮ | રીનોવેશન એન્ડ અપગ્રેશન બજેટ ખાતે |
| ૬. | કેમીસ્ટ્રી ભવન | રૂ.૧૨,૧૮૮ | ૦૧ | રૂ. ૧૨,૧૮૮ | રીનોવેશન એન્ડ અપગ્રેશન બજેટ ખાતે |
| ૭. | બાયોટેકનોલોજી ભવન | રૂ.૧૨,૧૮૮ | ૦૫ | રૂ . ૬૦,૯૪૦ | સેલ્ફ ફાઈનાન્સ બજેટ |
| ૮. | બાયોસાયન્સ ભવન | રૂ. ૧૨,૧૮૮ | ૦૧ | રૂ. ૧૨,૧૮૮ | રીનોવેશન એન્ડ અપગ્રેશન બજેટ ખાત |
| | | | કુલ | કુલ રૂ. ૧,૯૫,૦૦૮ | |

ઉપરોક્ત વિગતે અને ઉપરોક્ત માપ ભાવ અંબિકા ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદના પણ લોએસ્ટ ( L1 ) છે. તો તેના ભાવ મંજુર કરવા તથા આગામી ફાયનાન્સ કમીટીમાં મુકવા માટે ખર્ચની મંજુરી અર્થ

**આથી ઠરાવવામાં આવે છે કે ઓફિસ ટેબલ ૫×૩×૨.૫ નો L1 ભાવ રૂ.૧૨૧૮૮/- તથા ૪.૫×૨.૫ નો L1 ભાવ રૂ. ૯૩૭૫/- અંબીકા ઈન્ડસ્ટ્રીઝના મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે અગાઉ અન્ય પાર્ટીના ભાવો ફાઈનાન્સ સમિતીમાં શરતચુકથી રજું થયેલ છે તે અંગે સ્ટોર વિભાગને તાકીદ કરવી.**

૮. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો અને ભવનો માટે કોમ્પ્યુટર કંન્ઝુમેબલ આઈટમ ખરીદ કરવા માટે તા. ૨૫-૧૧-૨૦૧૬ થી ૨૪-૧૧-૨૦૧૭ સુધીનો રેઈટ કોન્ટ્રાકટ કરવામાં આવેલ છે. કોમ્પ્યુટર કંન્ઝુમેબલનો રેઈટ કોન્ટ્રાકટ ગ્રોવેલ ઈન્ફોટેક સાથે કરવામાં આવેલ છે. રેઈટ કોન્ટ્રાકટમાં ટેકસ વગરના ભાવ આપવામાં આવેલ હતા. સરકારશ્રીના નિયમ મુજબ હાલ આઈટમ ઉપર GST લગાડવામાં આવેલ છે, તેથી કંપની દવારા સરકારશ્રીના નિયમ મુજબ ટેકસમાં વધારો માંગવામાં આવેલ છે.

ઉપર્યુકત વિગત આગામી ફાઈનાન્સ કમીટીમાં વિચારણા માટે મુકવા મંજુરી આપવા આદેશાર્થે.

**આથી ઠરાવવામાં આવે છે કે કંપની સાથે GST સિવાયના ભાવથી ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી રેઈટ કોન્ટ્રાકટ કરવો અને ભાવ ઉપર સરકારશ્રી દવારાં વખતો વખત જે GST નિયત કરવામાં આવે છે તે ચુકવવા મંજુરી આપવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૯. તા.૫-૧૦-૨૦૧૭ થી શરૂ થનાર શ્રી કે.કે.પારેખ કોમર્સ કોલેજ અમરેલીની પરીક્ષા(બી.કોમ.- બી.બી.એ. સેમેસ્ટર -૫) શ્રી કામાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજ અમરેલીમાં પરીક્ષા ગોઠવવામા આવેલ છે. પરીક્ષા દરમ્યાન પરીક્ષાઓ શાંતીથી લઈ શકાય તે માટે શ્રી કામાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજ અમરેલીને પોલીસ બંદોબસ્ત પેટે અંદાજે થનાર ખર્ચ રૂ.૧૫૦૦૦૦/- ( એક લાખ પચાસ હજાર ) ની રૂકમ ચુકવવા મંજુરી આપવા વિચારણા કરવા બાબતની આઈટમ તા.૧૪-૧૦-૨૦૧૭ ના રોજ FC માં મુકવામાં આવેલ તેમાં ઉકત ખર્ચની માંગણી માન.કુલપતિશ્રી દવારા રીવ્યુ કરવી અને મંજુરી અર્થે આગામી FC માં મુકવી તેમ ઠરાવ થયેલ છે. તેના અનુસંધાને માન.કુલપતિશ્રીએFC માં મુકવા પરીક્ષાની તા.૧૮-૧૧-૨૦૧૭ ની નોંધ ઉપર મંજુરી આપેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે કોલેજ પાસેથી અહેવાલ મંગાવવો તેનાં આધારે જો જરૂરીયાત જણાય તો માન.કુલપતિશ્રી એ ખરેખર કોલેજ દવારાં ચુકવેલ ખર્ચના સંદર્ભમાં શ્રી કે.કે. પારેખ કોલેજ પાસેથી વસુલ કરેલ દંડમાંથી ચુકવવા નિર્ણય કરવો.**

૧૦. યુજીસી: માનવ સંશાધન વિકાસ કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ ખાતે UGC+RUSA અનુદાનિત વિવિધલક્ષી કાર્યક્રમોમાં "Special Designed Participants Kit" & "Special Designed Reading Material" માટે વાર્ષિક રેઈટ કોન્ટ્રાક્ટ હેતુ તા. ૧૫/૦૯/૨૦૧૭ ની નોંધ પર પ્રાપ્ત થયેલા આદરણીય કુલપતિશ્રીના આદેશ અનુસાર દૈનિક વર્તમાનપત્ર તેમજ Online www.nprocure.com પર તારીખ ૧૦/૧૦/૨૦૧૭ થી જાહેરાત દ્વારા ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. નિર્ધારિત સમય મર્યાદામાં પ્રાપ્ત થયેલ ટેન્ડર ખોલવાની પ્રક્રિયા

તા.૨૮/૧૦/૨૦૧૭ ની નોંધ પર પ્રાપ્ત થયેલા આદરણીય કુલપતિશ્રીના આદેશ અનુસાર તા. ૦૧/૧૧/૨૦૧૭ ના રોજ ટેકનીકલ બીડ અને તા. ૦૨/૧૧/૨૦૧૭ ના રોજ ફાઈનાન્સિયલ બીડ ખોલવામાં આવેલ હતી જેની વિગતો નીચે મુજબ છે.

❖ Special Designed Participants Kit

| No. | Company name | Make & Model No. | Item Discription | Qty | Rate |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી શિવાની સ્ટેશનરી એન્ડ પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ | SPS502 LUPI | Special Designed Participants Kit | 1 | 250.00 |
| ૨ | દુર્ગા પ્રકાશન, રાજકોટ | 90101 (13X19) | Special Designed Participants Kit | 1 | 450.00 |

❖ Special Designed Reading Material

| No. | Company name | Make & Model No. | Item Discription | Qty | Rate |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી શિવાની સ્ટેશનરી એન્ડ પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ | શિવાની સ્પાઈરલ | Special Designed Reading Material | 1 | 200.00 |
| ૨ | દુર્ગા પ્રકાશન, રાજકોટ | 70 GSM white Paper one side Spiral | Special Designed Reading Material | 1 | 500.00 |

ફાઈનાન્સિયલ બીડ અનુસાર શ્રી શિવાની સ્ટેશનરી એન્ડ પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ ના ભાવો L1 જાહેર થયા હતા, સદરહુ ભાવો UGC:HRDC તરફથી સૂચવવામાં આવેલા સ્પેશીફીકેશન અનુસાર ન હતા પરંતુ તેમની સ્વતંત્ર પ્રોડકટ મુજબના હતા, જયારે દુર્ગા પ્રકાશન તરફથી ભરવામાં આવેલા ભાવો UGC:HRDC તરફથી સૂચવેલા નિર્ધારિત સ્પેશીફીકેશન મુજબના હતા, પરંતુ તેમના ભાવો L2 જાહેર થયા હતા.

ફાઈનાન્સિયલ બીડ મુજબ L1 તરીકે શ્રી શિવાની સ્ટેશનરી એન્ડ પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ આવતી હોવાથી તેમને તારીખ ૦૨/૧૧/૨૦૧૭ સાંજે ૪:૦૦ કલાકે UGC:HRDC ખાતે રૂબરૂ આવીને બંને આઈટમોના નમુના રૂબરૂ બતાવી તે પ્રમાણે આવશ્યક જથ્થામાં વસ્તુઓ પૂરી

પાડવા ટેલીફોનથી જાણ કરવામાં આવતા તેમણે રૂબરૂ ઉપસ્થિત થઈ તેઓ તરફથી એમણે ભરેલા ભાવોથી સદરહુ મટીરીયલ્સ પૂરૂં પાડવા માટે અસમર્થતા દર્શાવી લેખિતમાં તેમણે તેમની કંપનીને L1 તરીકે ગણતરીમાં નહિ લેવા અને ટેન્ડર પ્રક્રિયા માંથી રદ બાતલ કરવા વિનંતી કરેલ હતી.

સમગ્ર પ્રકરણે અત્રેની તા. ૦૨/૧૧/૨૦૧૭ ની વિગતવાર નોંધ ઉપર તા.૧૫/૧૧/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલા આદેશ અનુસાર ફાઈનાન્સ કમિટી તથા સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ મેસર્સ દુર્ગા પ્રકાશન, રાજકોટ ના ભાવો મંજુર કરવામાં આવેલ છે તેમજ તા. ૧૭/૧૧/૨૦૧૭ ના રોજ મેસર્સ દુર્ગા પ્રકાશન, રાજકોટ સાથે "Special Designed Participants Kit" & "Special Designed Reading Material" અંગેનો રેઈટ કોન્ટ્રાક્ટ કરવામાં આવેલ છે. સમગ્ર વિગતથી વિદિત થઈ આદરણીય કુલપતિશ્રી દ્વારા બહાલીની અપેક્ષાએ આપવામાં આવેલી મંજુરી ફાઈનાન્સ કમિટીની બહાલી અર્થે સાદર રજુ.

અત્રેના પત્ર ક્રમાંક UGC:HRDC/SUR/705/2017, Dt: 17/11/2017 થી શ્રી શિવાની સ્ટેશનરી એન્ડ પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટને EMD જપ્ત કરવાની સાથે શા માટે બ્લેકલીસ્ટ કરવામાં ન આવે તે અંગે લેખિત જાણ કરવામાં આવતા શ્રી શિવાની સ્ટેશનરી એન્ડ પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ દ્વારા તા. ૨૨/૧૧/૨૦૧૭ થી કરવામાં આવેલ લેખિત સ્પષ્ટતા અસલમાં આ સાથે સામેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત બાબત નામંજુર કરવી અને ફરીથી ટેન્ડર પ્રક્રિયા કરવી.

૧૧. જુદા જુદા વિભાગો તથા ભવનોની જરૂરીયાતોને ધ્યાને લઈ જનરલ સ્ટેશનરી આઈટમોના રેઈટ કોન્ટ્રાકટ તા.૨૫/૧૧/૨૦૧૬ થી તા.૨૪/૧૧/૨૦૧૭ સુધીનો કરવામાં આવેલ છે, જે રેઈટ કોન્ટ્રાકટની મુદત તા.૨૪/૧૧/૨૦૧૭ના રોજ પૂર્ણ થઈ છે. ચૂંટણીની આચારસંહિતા તથા આગામી રેઈટ કોન્ટ્રાકટની ટેન્ડર પ્રક્રિયા માટે થોડો સમય લાગતો હોય, વિભાગો તથા ભવનોની સ્ટેશનરી આઈટમોની જરૂરિયાત ધ્યાને લઈ ઉપરોકત રેઈટ કોન્ટ્રાકટ પૂર્ણ થયો હોય જનરલ સ્ટોર્સ વિભાગની તા.૧૩.૧૨.૨૦૧૭ની નોંધ મુજબ તા.૩૧.૦૩.૨૦૧૮ સુધી લબાંવવા માન. કુલપતિશ્રીએ મંજુરી આપેલ છે.

જનરલ સ્ટેશનરી આઈટમોના રેઈટ કોન્ટ્રાકટ તા.૩૧.૦૩.૨૦૧૮ સુધી વધારવા ફાઈનાન્સ કમીટીની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીએ આપેલ મંજુરીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવા સિન્ડીકેટને ભલામણ કરવી.

૧૨. જુદા જુદા વિભાગો તથા ભવનોની જરૂરીયાતોને ધ્યાને લઈ કોમ્પ્યુટર કંન્ઝુમેબલ આઈટમોના રેઈટ કોન્ટ્રાકટ તા.૨૫/૧૧/૨૦૧૬ થી તા.૨૪/૧૧/૨૦૧૭ સુધીનો કરવામાં આવેલ છે, જે રેઈટ

કોન્ટ્રાકટની મુદત તા.૨૪/૧૧/૨૦૧૭ના રોજ પૂર્ણ થઈ છે.ચૂંટણીની આચારસહિતા તથા આગામી રેઈટ કોન્ટ્રાકટની ટેન્ડર પ્રક્રિયા માટે થોડો સમય લાગતો હોય, વિભાગો તથા ભવનોની કોમ્પ્યુટર કંન્જુમેબલ આઈટમોની જરૂરિયાત ધ્યાને લઈ ઉપરોકત રેઈટ કોન્ટ્રાકટ પૂર્ણ થયો હોય જનરલ સ્ટોર્સ વિભાગની તા.૧૩.૧૨.૨૦૧૭ની નોંધ મુજબ તા.૩૧.૦૩.૨૦૧૮ સુધી લબાંવવા માન. કુલપતિશ્રીએ મંજુરી આપેલ છે.

કોમ્પ્યુટર કંન્જુમેબલની આઈટેમોના રેઈટ કોન્ટ્રાકટ તા.૩૧.૦૩.૨૦૧૮ સુધી વધારવા ફાઈનાન્સ કમીટીની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીએ આપેલ મંજુરીના કાર્યને બહાલી આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૧૩. જુદા જુદા વિભાગો તથા ભવનોની જરૂરીયાતોને ધ્યાને લઈ પેપર તથા કવર આઈટમોના રેઈટ કોન્ટ્રાકટ તા.૨૫/૧૧/૨૦૧૬ થી તા.૨૪/૧૧/૨૦૧૭ સુધીનો કરવામાં આવેલ છે, જે રેઈટ કોન્ટ્રાકટની મુદત તા.૨૪/૧૧/૨૦૧૭ના રોજ પૂર્ણ થઈ છે.ચૂંટણીની આચારસહિતા તથા આગામી રેઈટ કોન્ટ્રાકટની ટેન્ડર પ્રક્રિયા માટે થોડો સમય લાગતો હોય, વિભાગો તથા ભવનોની પેપર તથા કવરની આઈટમોની જરૂરિયાત ધ્યાને લઈ ઉપરોકત રેઈટ કોન્ટ્રાકટ પૂર્ણ થયો હોય જનરલ સ્ટોર્સ વિભાગની તા.૧૩.૧૨.૨૦૧૭ની નોંધ મુજબ તા.૩૧.૦૩.૨૦૧૮ સુધી લબાંવવા માન. કુલપતિશ્રીએ મંજુરી આપેલ છે.

પેપર તથા કવરની આઈટેમોના રેઈટ કોન્ટ્રાકટ તા.૩૧.૦૩.૨૦૧૮ સુધી વધારવા ફાઈનાન્સ કમીટીની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીએ આપેલ મંજુરીના કાર્યને બહાલી આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૦૧/૦૧/૧૮

**કુલસચિવ**

નં.એકા / ફા.સ./ ૨૪ /૨૦૧૮
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ
યુનિવર્સિટી રોડ
**રાજકોટ, તા. ૧ – ૧ – ૨૦૧૮**
**પ્રતિ, ફાઈનાન્સ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ**

<u>નકલ સાદર રવાના :–</u>

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) કાર્યાલયના દરેક વિભાગના વડાઓ તરફ
(૩) યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રી તરફ